# ગારિયાધારના ફાચરીયા ગામની મહિલાનું વિચિત્ર બિમારીમાં મોત



(ફોટો : દિપક ઠક્કર)

## પેટમાં અસહ્ય દુખાવો ઉપડતા ભાવનગર સર ટી.માં લવાયેલી મહિલાનું મોત થયું જ્યારે તે જ બિમારીમાં તેની દેરાણી સારવાર હેઠળ: આરોગ્ય તંત્ર ધંધે લાગ્યું

ભાવનગર, શુક્રવાર

ગારિયાધાર પંથકની મહિલાનું ભેદી રોગના પગલે મોત થયું છે. આ પરિવારની અન્ય મહિલાને પણ ગંભીર હાલતે સારવાર અપાઈ રહી છે.

ગારિયાધાર તાલુકાના ફાચરીયા ગામમાં રહેતી મહિલાને ગઈરાત્રીના પેટમાં દુઃખાવો ઉપડ્યા બાદ સારવાર માટે ભાવનગર હોસ્પિટલમાં લાવવામાં આવી હતી જ્યાં તેનું વહેલી સવારે મોત નિપજ્યું હતું. તો મૃતક મહિલાની દેરાણીને પણ આજ તકલીફ ઉભી થતા તેને ગંભીર હાલતે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે.

ભાવનગર જિલ્લાના ગારીયાધાર તાલુકાના ફાચરીયા ગામમાં રહેતા મધુબેન પરશોત્તમભાઈ વાઘેલાને બુધવારે રાત્રીના પેટમાં અસહ્ય દુઃખાવો ઉપડતા તેમને સારવાર માટે ભાવનગરની સર ટી. હોસ્પિટલમાં સારવાર માટે લાવવામાં આવ્યા હતાં. હોસ્પિટલના તબીબે માત્ર સામાન્ય દવા આપીને દર્દીને રવાના કરી દેવાનો પ્રયાસ કર્યો હતો. જો કે મોડી રાત્રે આ પરિવાર કંઈ રીતે ઘરે પરત ફરે ? તેવો પ્રશ્ન કરીને હોસ્પિટલમાં જ રાત્રી રોકાણ કર્યુ હતું. જ્યાં વહેલી સવારે મધુબેનનું મૃત્યું થતા પરિવાર મુશ્કેલીમાં મૂકાયો હતો. મૃતકના પરિવારે હોસ્પિટલની બેદરકારી અંગે રોષ ઠાલવ્યો હતો.

મધુબેનના મૃત્યુનો આક્રોશ શમે તે પહેલા જ મૃતકના દેરાણી સંગીતાબેન રમેશભાઈ વાઘેલાને પણ આ જ પ્રકારની તકલીફ ઉભી થતા તેમને પણ સારવાર માટે ભાવનગરની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. હાલ તેની સારવાર ચાલું છે.

એક જ પરિવારની બે મહિલાને એક સરખી જ બિમારી થવી અને થોડી કલાકોમાં જ એક મહિલાનું મોત થવાની ઘટનાના પગલે આ કોઈ ભેદી બિમારી છે કે કેમ ? તેવો સવાલ પેદા થયો છે. આરોગ્ય તંત્રએ આ અંગે સઘન તપાસ કરી જરૂરી પગલાં ભરવા જોઈએ તેવી માંગણી કરવામાં આવી છે.

# વડવા વિસ્તારમાં ત્રણ માળનું મકાન પડતા વાહનને નુકશાન

ભાવનગર, શુક્રવાર

વડવા વિસ્તારમાં આવેલું ત્રણ માળનું જુનવાણી મકાન તૂટી પડ્યું હતું. જેના કારણે વાહનને નુકશાન થયું હતું.

ભાવનગરના વડવા વિસ્તારમાં આવેલી દુધવાળી શેરીમાં ત્રણ માળનું જુનવાણી મકાન તૂટી પડતા રોડ ઉપર પાર્ક કરેલા વાહનને તેમજ ઘરવખરીનું નુકશાન થયું હતું.

સતારભાઈ માલકાણી નામના મુસ્લિમ આસામીની માલિકીના જુનવાણી મકાનના બે માળ આજે ધડાકાભેર તૂટી પડતા કાટમાળ રોડ ઉપર આવી ગયો હતો. કાટમાળ હેઠળ સ્કુટર દબાઈ જતા નુકશાન થયું હતું.

આ બનાવની જાણ થતાં ફાયર બ્રિગેડનો કાફલો બનાવ સ્થળે દોડી ગયો હતો અને કામગીરી હાથ ધરી હતી.



## એક નજર ઈધર ભી....

# શામળદાસ આર્ટ્સ કોલેજમાં થેલેસેમિયા કેમ્પ યોજાયો

ભાવનગર, શુક્રવાર

શામળદાસ આર્ટ્સ કોલેજના વિદ્યાર્થીઓનો થેલેસેમિયા પરિક્ષણ કેમ્પ યોજવામાં આવ્યો હતો.

શામળદાસ આર્ટ્સ કોલેજના વિદ્યાર્થીઓનો થેલેસેમિયા પરિક્ષણ કેમ્પ યોજવામાં આવ્યો હતો. યુનિવર્સિટી તેમજ ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા યોજવામાં આવેલા આ કેમ્પમાં ૫૦૦ વિદ્યાર્થીઓનું પરિક્ષણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે કુલપતિ બી.એલ. શર્મા, ગીરીશભાઈ વાઘાણી, ગીરીશભાઈ શાહ, જયશંકર મહેતા, કોલેજના પ્રિન્સીપાલ ઝાલા, રેડક્રોસ સોસાયટીના હોદેદારો વગેરે ઉપસ્થિત રહ્યા હતાં.

આ કેમ્પમાં થેલેસેમિયા અંગે વિદ્યાર્થીઓને વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી.